આકાશવાણી, અમદાવાદ

15-04-2026 Midday: 2.30 to 2.35pm

WEDNESDAY Regional News

## JAG VIKRAM

રાંધણ ગેસ-LPGના જથ્થા સાથે વધુ એક ભારતીય જહાજ આજે રાજ્યના દરિયાકિનારે લાંગર્યું છે. જહાજ MV જગ વિક્રમ 20 હજાર 400 મેટ્રિક ટન LPG લઈને કચ્છના દીનદયાળ બંદરના ઓઈલ જેટ્ટી-એક ખાતે આજે સફળતાપૂર્વક પહોંચ્યું છે.

હોર્મુઝની સામુદ્રધુનીમાં ચાલી રહેલી અમેરિકી નાકાબંધી વચ્ચે જગ વિક્રમ, ભારત પહોંચવામાં સફળ રહ્યું. અમેરિકા અને ઈરાન વચ્ચે બે અઠવાડિયા માટે યુદ્ધવિરામની જાહેરાત થયા બાદ હોર્મુઝની સામુદ્રધુની પાર કરનાર આ પ્રથમ ભારતીય જહાજ છે. માર્ચની શરૂઆતથી હોર્મુઝના પશ્ચિમ ભાગમાંથી પસાર થનાર ભારતનું આ નવમું જહાજ છે.

## LOCAL BODIES ELECTION OVERALL

રાજ્યમાં આગામી 26 તારીખે યોજાનારી સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણી માટે ઉમેદવારી પરત ખેંચવાનો આજે છેલ્લો દિવસ છે. તેવામાં કેટલીક જગ્યાએ રાજકીય પક્ષોના ઉમેદવાર બિનહરીફ થયાના અહેવાલ છે.

અમદાવાદના થલતેજ વૉર્ડમાં કૉંગ્રેસનાં ઉમેદવાર રમિલા ઠાકોરે ઉમેદવારીપત્ર પરત ખેંચતાં ભાજપનાં ઉમેદવાર રિટાબેન ઠાકોર બિનહરીફ જાહેર થયાં છે. ગાંધીનગરના અમારા પ્રતિનિધિ દુર્ગેશ મહેતા જણાવે છે, ગાંધીનગર જિલ્લા પંચાયતની સમૌ બેઠક પર ભાજપના ભરત ચૌધરી અને લોદરા બેઠક પર કલ્પેશ પટેલ બિનહરીફ ચૂંટાયા છે.

તાપીમાં વ્યારા નગરપાલિકામાં આજે ચાર ઉમેદવારોએ ઉમેદવારીપત્ર પરત ખેંચ્યું છે. અમારા પ્રતિનિધિ નિરવ કંસારા જણાવે છે, વૉર્ડ નંબર બે-નાં કૉંગ્રેસનાં નીલા પ્રજાપતિ અને આમ આદમી પાર્ટીનાં સંગીતા ચૌધરી, વૉર્ડ નંબર છ-માં આમ આદમી પાર્ટીના રમણલાલ રાણા અને વૉર્ડ નંબર સાતમાં આમ આદમી પાર્ટીના રમેશ સોનીએ ઉમેદવારીપત્ર પરત ખેંચ્યા છે. આ સાથે જ વૉર્ડ નંબર સાતમાં ભાજપના તમામ

ઉમેદવાર બિનહરીફ જાહેર થયા છે. વ્યારા નગરપાલિકાની ચૂંટણીમાં 28 પૈકી હાલ ભાજપ પક્ષની 8 બેઠક બિનહરીફ થઈ છે.

વલસાડમાં જિલ્લા પંચાયતની નનકવાડા બેઠક પરથી કોંગ્રેસના ઉમેદવાર રમેશ પટેલે ઉમેદવારીપત્ર પરત ખેંચતા રાજકીય સમીકરણ બદલાયું છે. અમારા પ્રતિનિધિ નવિન પટેલ જણાવે છે, નનકવાડા બેઠક પર ભાજપ અને કોંગ્રેસ બંને પક્ષના ઉમેદવાર મેદાનમાં હતા.

## ELECTION CAMPAIGN

સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની આગામી ચૂંટણીને લઈ રાજકીય પક્ષો દ્વારા પૂરજોશમાં પ્રચાર કરવામાં આવી રહ્યો છે. ત્યારે ભાજપ દ્વારા "જનસમર્થન વિકાસને જાણ સમર્થન ભાજપને" સૂત્ર સાથે પ્રચાર-પ્રસાર કરાશે. ગાંધીનગરમાં પત્રકાર પરિષદને સંબોધતા ગુજરાત ભાજપના પ્રવક્તા ડૉક્ટર અનિલ પટેલે કહ્યું, ઘરેઘરે જઈને લોકોનો સંપર્ક કરવામાં આવી રહ્યો છે. બાળકોથી લઈ મોટી વયના લોકોને ઉપયોગી થાય તે માટે વિશેષ સામગ્રી પણ તૈયાર કરવામાં આવી છે.

બીજી તરફ, ગુજરાત કોંગ્રેસના નેતાઓ પણ મતદારોને પોતાની તરફ આકર્ષવા માટે વિવિધ જિલ્લાથી લઈ સોશિયલ મીડિયા પર પ્રચાર કરી રહ્યા છે. જ્યારે આમ આદમી પાર્ટી ગુજરાતના નેતાઓ આજે વિવિધ જિલ્લામાં ચૂંટણી સભાને સંબોધશે.

## MEHSANA CONTROL ROOM

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈ મહેસાણાના ઊંઝાની મામલતદાર કચેરી ખાતે ચૂંટણીલક્ષી માર્ગદર્શન તેમજ આચારસંહિતાના ઉલ્લંઘન સંબધિત ફરિયાદો માટે કન્ટ્રોલ રૂમ શરૂ કરાયો છે. જેનો ફોન નંબર 02767 250970 છે. ચૂંટણીના પ્રચાર પ્રસાર માટે વિવિધ પરવાનગી અને સરળતાથી માહિતી માટે સિંગલ વિન્ડો સિસ્ટમ પણ કાર્યરત કરાઇ છે. જાહેર સભા, વાહનોના ઉપયોગ જેવી પરવાનગી ઉમેદવારને એક જ સ્થળેથી મળી શકશે.

## JAMNAGAR GHOSHANA PATRA

ભારતીય જનતા પાર્ટી જામનગર મહાનગરપાલિકા માટે ચૂંટણી ઘોષણા પત્ર જાહેર કરાયુ છે. જેમાં શહેરમાં ગ્રીન રીંગ રોડ પ્રોજેક્ટ, ફાટક મુક્ત જામનગર, શહેરી વનીકરણ, રીવર ફ્રન્ટ ડેવલોપમેન્ટ, સોલાર પાર્ક, પી. એમ. ઇ-બસ યોજના, આવાસનું નિર્માણ, રણજિત સાગર ડેમનું મજબૂતીકરણ, ઈ-લાઈબ્રેરી સહિતની જાહેરાતો કરવામાં આવી છે. શહેર ભાજપ અધ્યક્ષ બીનાબેન કોઠારી, પ્રભારી મંત્રી અર્જુન મોઢવાડીયાની ઉપસ્થિતિમાં આ ઘોષણા પત્ર જાહેર કરાયું હતું.

## BK MILK DAY

બનાસકાંઠામાં બનાસ ડેરીના સણાદાર પ્લાન્ટ ખાતે દૂધ દિવસ અને મહિલા જાગૃતિ કાર્યક્રમની ઉજવણી કરવામા આવી. બનાસ ડેરી અને ગુજરાત કોઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન - GCMMFના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા કાર્યક્રમમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી અને બનાસ ડેરીના ચેરમેન તથા વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરી ઉપસ્થિત રહ્યા.

આ પ્રસંગે મહાનુભાવોના હસ્તે શ્રેષ્ઠ દૂધ ઉત્પાદક મહિલાઓએ પશુપાલન ક્ષેત્રે પોતાના અનુભવ રજૂ કર્યા અને પશુપાલકો તેમજ મહિલાઓનું સન્માન કરી ઈનામ વિતરણ કરાયું. આ અંગે બનાસ ડેરીનાં ડિરેક્ટર રમીલા ચૌધરીએ વધુ માહિતી આપી.

આ પ્રસંગે બનાસ ડેરીના ચેરમેને ડેરીની વિકાસયાત્રા પર પ્રકાશ પાડ્યો હતો.

## AMD LD COLLEGE INCIDENT

અમદાવાદમાં આવેલી સરકારી એલ. ડી. ઍન્જિનિયરિંગ કૉલેજના છાત્રાલયમાં છતનો કેટલોક ભાગ ધરાશાયી થતાં એક વિદ્યાર્થીને ઈજા પહોંચી છે. સોલા સિવિલ હૉસ્પિટલમાં ઈજાગ્રસ્ત વિદ્યાર્થીની સારવાર ચાલી રહી છે.